ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા.૨૭/૦૭/૨૦૧૫

**અખબારી યાદી**

પ્રતિ,
તંત્રીશ્રી
ભાવનગર.

## રૂરલ આઈ. ટી. ક્વીઝ–૨૦૧૫ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૧ ઓગષ્ટ ને શનિવારનાં રોજ યોજાશે.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસ લિમિટેડ (TCS) દ્વારા બેંગલોર ખાતે નેશનલ કક્ષાએ રૂરલ આઈ. ટી. ક્વીઝ નું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની નેશનલ લેવલ રૂરલ આઈ.ટી. ક્વીઝ–૨૦૧૫ સ્પર્ધાનું આયોજન ગુજરાતમાં પ્રથમ જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજ્ય કક્ષાએ કરવામાં આવે છે જે કાર્યક્રમનાં અંતર્ગત ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા **તા.૧ ઓગષ્ટ, ૨૦૧૫ શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૪:૦૦** દરમિયાન ભાવનગર ખાતે જિલ્લા કક્ષા રૂરલ આઈ. ટી. ક્વીઝ યોજાશે.

આ સ્પર્ધામાં ફક્ત ગ્રામ્ય વિસ્તારની જ શાળાઓના (ઉચ્ચ પ્રાથમિક) ધોરણ ૮ તથા (માધ્યમિક અને ઉ.મા.) ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. એક શાળામાંથી વધુમાં વધુ ૦૨ ટીમ (પ્રત્યેક ટીમમાં બે વિદ્યાર્થીઓ) ભાગ લઈ શકશે.

આ જિલ્લા કક્ષા રૂરલ આઈ. ટી. ક્વીઝ –૨૦૧૫ ના કાર્યક્રમમાં ભાગ લીધેલ શાળાઓએ કાર્યક્રમની વિશેષ માહિતી માટે સવારનાં ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, 'વિજ્ઞાન ભવન', પ્લોટ નં.૨૨૦૬/૪–એ, પંજાબ નેશનલ બેંક વાળી શેરી, સંસ્કાર મંડળ પાસે, ભાવનગર ખાતે રૂબરૂ અથવા ફોન નં. ૨૫૭૦૧૧૦/૧૧૧ સવારનાં ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન સંપર્ક કરવો. તેવું કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રીની યાદીમાં જણાવાયું છે.

પ્રી.પ્ર.ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.